# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર

સંદર્ભ :-

(૧) સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦-૫૦૧-ટ તા.૨૧/૦૩/૨૦૨૦

(૨) શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક: પરચ/૧૧૨૦૨૦-૧૫૧(૨)-વ.૨ તા.૨૧/૦૩/૨૦૨૦

પરિપત્ર:-

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના તમામ શૈક્ષણિક વિભાગોના કો-ઓર્ડીનેટરશ્રીઓ તથા સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે હાલમાં કોરોના વાઈરસ જે જેને WHO દ્વારા મહામારી જાહેર કરવામાં આવેલ છે તે અન્વયે સરકારશ્રી દ્વારા તકેદારીના ભાગરૂપે લેવાયેલ પગલા અન્વયે સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૨૦-૫૦૧-ટ તેમજ શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક: પરચ/૧૧૨૦૨૦-૧૫૧(૨)-વ.૨ તા.૨૧/૦૩/૨૦૨૦ થી સૂચવ્યાનુસાર ગુજરાત રાજયની સરકારી, ખાનગી, અનુદાનીત સહિત તમામ કોલેજો શૈક્ષણિક સંસ્થા ખાતે શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તમામ વર્ગ-૨ થી વર્ગ-૪ના અધિકારી/કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓ Rotational Basis પ્રમાણે તા. ૨૩/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી ફરજ ઉપર ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ છે. જે અંતર્ગત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના તમામ અધિકારી/કર્મચારીઓને તા. ૨૪/૦૩/૨૦૨૦ના રોજ કચેરી કામગીરી બંધ રાખવા અને તા.૨૫/૦૩/૨૦૨૦ ની જાહેર રજા ધ્યાને લઇ યુનિવર્સિટીના વર્ગ-૨ થી વર્ગ-૪ના અધિકારી/કર્મચારીઓ પૈકી ૫૦% કર્મચારીઓએ Rotational Basis પ્રમાણે તા. ૨૬/૦૩/૨૦૨૦ થી તા.૨૯/૦૩/૨૦૨૦ સુધી ફરજ ઉપર ઉપસ્થિત રહેવાનુ રહેશે અને રાજય સરકારશ્રી તરફથી જે સૂચનાઓ મળે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

વધુમાં યુનિવર્સિટીના વિભાગો તથા કો-ઓર્ડીનેટરશ્રીઓએ તા. ૨૯/૦૩/૨૦૨૦ સુધી Work From Home ના સિદ્ધાંતને અનુસરવાનુ રહેશે તથા પોતપોતાના વિભાગોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે પોતાના વતન ન જઈ શક્યા હોય તેમના સતત સંપર્કમાં રહીને તેમને માર્ગદર્શન પૂરુ પાડવાનું રહેશે.

રજીસ્ટ્રાર
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી
ગાંધીનગર

જાવક નં/એસ.જી.એસ.યુ/વહીવટ/ટે.૧/૫૬/૪૭૧૬/૨૦૨૦
તા. ૨૩/૦૩/૨૦૨૦.
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી,
સેક્ટર – ૧૫, ગાંધીનગર

<u>પ્રતિ</u>

- યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી તરફ
- યુનિવર્સિટીના તમામ ડિપાર્ટમેન્ટના કો.ઓર્ડિનેટરશ્રી તરફ
- યુનિવર્સિટીના તમામ અધિકારી/કર્મચારીઓ તરફ

<u>નકલ સાદર રવાના:</u>

- મા. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ જાણ સારૂ.



Scanned with CamScanner